**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૬૪ ટકા

# શહેરમાં નાતાલની ઉલ્લાસભેર ઉજવણી









આપણો દેશ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. જુદા જુદા ધર્મો, જ્ઞાતિઓના લોકો અહીં સાથે મળીને રહે છે, વળી અલગ અલગ તહેવારોની ઉજવણી પણ કરે છે. ઈસુ ખ્રિસ્તના જન્મદિને ઉજવાતા નાતાલની ઉજવણી ભારતમાં પણ ખૂબ ઉલ્લાસભેર કરવામાં આવે છે. આનંદ અને ખુશી આપનાર આ તહેવારની ઉજવણીનો ઉત્સાહ ઠેર ઠેર જોવા મળે છે. ચર્ચમાં પ્રાર્થના યોજાય છે તો મોટા મોટા શોપીંગ મોલ, દુકાનોમાં ઝળહળતી રોશની કરી નાતાલની ઉજવણી કરવામાં આવે છે. ક્રિસમસ ટ્રી અને સાંતકલોઝ એ ક્રિસમસનું સૌથી મોટું આકર્ષણ છે. સાંતાકલોઝના વસ્ત્રો અને તેના મહોરા બજારમાં ઠેર ઠેર વેચાતા જોવા મળી રહ્યા છે. બાળકો ખુબ જ ઉત્સાહથી સાંતાકલોઝની રાહ જુએ છે. ચોકલેટ અને કેકની અવનવી વેરાયટી બજારોમાં જોવા મળે છે. શહેરના વિવિધ ચર્ચોમાં ક્રિસમસની ઉજવણીનો પ્રારંભ થઈ ગયો છે. મ્યુઝિકલ ઈવેન્ટથી લઈને અવનવા કાર્યક્રમો ચર્ચમાં યોજાઈ રહ્યા છે. આ ઉપરાંત શોપીંગ મોલમાં પણ ક્રિસમસની ઉજવણી ધામધૂમથી થઈ રહી છે. નાતાલના દિવસે સેકટર-૨૩ ચર્ચ ખાતે ખ્રિસ્તી ભાઈ બહેનો એ પ્રાર્થના કરી હતી. ભગવાન ઈસુના પ્રેમ, અહિંસા અને ભાઈચારાના સંદેશની વાતો યાદ કરી હતી અને એકબીજાને મેરી ક્રિસમસની શુભેચ્છા પાઠવી હતી.




## ચોરીના પલ્સર સાથે માણસાનો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર એલસીબી પોલીસની ટીમ ગઈકાલે માણસા તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મહુડી-ખડાત ચોકડી પાસેથી શંકાના આધારે એક પલ્સર બાઈક ચાલકને પકડયો હતો. બાઈકની તપાસ કરતા ચોરીનું બાઈક હોવાનું ધ્યાને આવતા એલસીબીની ટીમે તે શખ્સને ચોરીના આ પલ્સર બાઈક સાથે પકડી તેની સામે કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા શખ્સની પુછપરછમાં બહાર આવ્યું છે કે તેણે ત્રણેક વર્ષ પહેલા આ બાઈક મહુડી પાસેની પોતાની ચા ની કિટલીએથી કોઈ વ્યકિત પાસેથી માત્ર રૂ.૨ હજારમાં ખરીદી હતી. પોલીસે તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે.




ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ અને જવાનો ગઈકાલે માણસા વિસ્તારમાં પેટ્રોલીગમા હતા ત્યારે હે.કો. ભવાનસિંહને બાતમી મળી હતી કે મહુડી ખડાત ચોકડી પાસેથી ચોરીના બાઈક સાથે માણસાનો એક શખ્સ પસાર થવાનો છે. જેને પગલે વોચ ગોઠવી માણસા ખડાત ચોકડી પાસેથી મહુડી ગામની સીમમાં પગીયાવાળુ ખેતરમાં રહેતા પરબત આદરસિંહ રાઠોડને જી.જે.૧.એમ.જી.-૫૭૭૮ નંબરના ચોરીના પલ્સર બાઈક સાથે દબોચી લેવામાં આવ્યો હતો. આ શખ્સ પાસે બાઈકના જરુરી કાગળો પણ ન હતા. જે અંગે પુછપરછ કરતા પરબત રાઠોડે આ બાઈક ત્રણેક વર્ષ પહેલા પોતાની ચા ની કિટલી પર આવેલા એક વ્યકિત પાસેથી રૂ.૨ હજારમાં ખરીદી હોવાની પોલીસ સમક્ષ કેફીયત આપી છે. પોલીસે બાઈકના નંબરના આધારે તપાસ કરતા આ બાઈક અમદાવાદ બાપુનગર વિસ્તારમાંથી ચોરી થયુ હોવાનું અને તે સંદર્ભે બાપુનગર પોલીસ મથકે ગુનો દાખલ થયો હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે ચોરીના બાઈક ખરીદનાર આ આરોપીની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

## ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે ડૉ. અનિલ ચૌહાણનું પ્રવચન યોજાયું





ગાંધીનગર, તા.૨૫

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ અંગ્રેજી માધ્યમ ખાતે ડૉ. અનિલ ચૌહાણ દ્વારા ઈન્ફોસીટી સ્કૂલના શિક્ષક ભાઈ બહેનો માટે 'કાર્ડિયો પલ્મોનરી રીસમેટીશન' વિષય પર માહિતીસભર પ્રવચન યોજાયું હતું. શાળામાં વિદ્યાર્થી કયારેક બેહોશ થઈ જાય ત્યારે તેની કેવી સારવાર કરવી, તેનો જીવ કેવી રીતે બચાવવો એ માટેની સીપીઆરની ટ્રેનીંગ શાળાના સ્ટાફને અપાઈ હતી. વૈજ્ઞાનિક પદ્ધતિ મુજબ બેહોશ વ્યકિતનો જીવ કેવી રીતે બચાવવો તે માટે એરવે, બ્રીથિંગ અને સર્કયુલેશન જેવી બાબતો વિગતથી ડૉ. ચૌહાણે સમજાવી સીપીઆર કેવી રીતે આપવો તેની રસપ્રદ માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમમાં ડૉ.ગગલાણી, ડાયરેકટર શૈલેષભાઈ પંડયા તથા શિક્ષકોએ સક્રીય ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યા જયોતિબેન ભાવસારે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું જયારે ડાયરેકટર શૈલેષભાઈ પંડયાએ ડૉ. ચૌહાણ અને ટીમનો આભાર માન્યો હતો.



સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા શિયાળાની ઠંડીને ધ્યાનમાં લઈને સેકટર-૨ સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ સ્વેટરોની વહેંચણી કરવામાં આવી હતી. આ સેવાકાર્યમાં સંસ્થાના પ્રમુખ બી. પ્રજાપતિ, કિરીટસિંહ બી. વાઘેલા, વાલજીભાઈ ચૌધરી તથા ડી.એમ. પરમાર તથા શાળાના શિક્ષકોનો સંપૂર્ણ ફાળો રહ્યો હતો.

## ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા તા. ૨૯ ડિસેમ્બરના રોજ બપોરે ૨ વાગ્યે સે-૧૨ સ્થિત બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે. જે અંતર્ગત ધો-૮માં અભ્યાસ કરતા બાળકોને બે મોટીવેશનલ પુસ્તકો, નવમો તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ, સરકાર તરફથી ખેલ કૂદ કે કોઈ વિશિષ્ટ કામગીરીથી સન્માનિત થયેલ હોય તેમનું સન્માન, નવેમ્બર-૨૦૧૮ થી ઓકટોબર ૨૦૧૯ નવ નિયુકત કર્મચારી/અધિકારીઓ અને નિવૃત્ત થયેલ કર્મચારી/અધિકારીઓનું સન્માન, દાતાઓ તેમજ ટ્રસ્ટમાં ચાલુ વર્ષે રૂ. ૧૧૦૦૦ જમા કરાવનારનું સન્માન કરવામાં આવશે. સંસ્થાના પ્રમુખ કનુભાઈ બી. મહેરિયા દ્વારા ગોળના તમામ તેમજ આમંત્રિતો અને આજીવન સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## દોઢ વર્ષથી વોન્ટેડ બુટલેગરને આખરે એલસીબી-૨ ની ટીમે પકડ્યો



જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સુચનાથી ગાંધીનગર પોલીસે નાસતા ફરતા આરોપીઓની યાદી તૈયાર કરીને તેમને પકડવા ઝુંબેશ શરુ કરી છે ત્યારે દોઢ વર્ષથી સાંતેજ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો બુટલેગર આખરે એલસીબી-૨ ની ટીમના હાથે ઝડપાઈ ગયો છે. એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમ પેટ્રોલીંગમા હતી ત્યારે પીએસઆઈ પી.ડી.વાઘેલાની ટીમે બાતમી મળી હતી કે મહેસાણાના સતલાસણા તાલુકાના મોટા કોઠાસણા ગામનો સુર્યદેવ લાલસિંહ ચૌહાણ નામનો શખ્સ જે સાંતેજ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી વોન્ટેડ છે તે હાલ તેના ઘરે જ છે તેવી બાતમીને આધારે આ ટીમ તેના ગામમાં પહોંચી ગઈ હતી અને દોઢ વર્ષથી વોન્ટેડ સુર્યદેવને પકડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.








સંસ્કાર ગૃપના બાળકો દ્વારા નાતાલ પર્વની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. જેમાં બાળકોએ નાતાલ પર્વની શુભેચ્છાના ચિત્રોની આપ-લે કરી હતી. ત્યારબાદ ઝાડ પર લગાવેલી ખિલ્લીઓને ઉખાડીને ભીની માટી લગાવી વૃક્ષના ઘા રૂઝાવવામાં આવ્યા હતા.



યુરોકિડ્સ કુડાસણના બાળકોએ ઈન્દ્રોડપાર્ક ખાતે ગીર ફાઉન્ડેશનની મુલાકાત લીધી હતી અને ત્યાં નાતાલની ઉજવણી કરી હતી. નાના નાના બાળકોએ સાન્તા કેપ સાથે આખા પરિસરની મુલાકાત લઈ ડાઈનોસોર પાર્ક તથા વિવિધ પ્રાણી-પંખી અંગે જાણકારી મેળવી હતી.

## સે-૮ ગોકુલ સોસાયટી સ્વચ્છતા સ્પર્ધામાં દ્વિતિય ક્રમે

ગાંધીનગર, તા.૨૫

સ્વચ્છ ગાંધીનગર સ્વસ્થ ગાંધીનગર ઝુંબેશ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા યોજેલ સ્પર્ધામાં સોસાયટી કેટેગરીમાં ગોકુલ સોસાયટી સેકટર-૮-એ દ્વિતિય ક્રમ મેળવ્યો હતો. જે અંતર્ગત તા. ૨૩ ડિસેમ્બરના રોજ મહાનગરપાલિકા તરફથી એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત સોસાયટી ખાતે રમત-ગમત તથા ઉંધિયા ઉજાણી કરવામાં આવી હતી.

ગાંધીનગરની સે-૮ સ્થિત ગોકુલ સોસાસટીને મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત દ્વિતિય ક્રમ મેળવતા એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત સ્વચ્છતા અભિયાન નિમિત્તે નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલ પટેલે ઉપસ્થિત રહી ભીના, સૂકા કચરાના વ્યવસ્થાપન અંગે માહિતી આપી નિકાલ કરવાની સમજ આપી હતી તથા નરેશભાઈ દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે તથા કચરાના નિકાલ અંગેની માહિતી આપવામાં આવી હતી.



ગોકુલ સોસાયટીના ત્રિકોણ બાગ ખાતે શનિવારે રમત ગમત તથા ઉંધિયા ઉજાણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને લીંબુ ચમચી અને સંગીત ખુરશી જેવી રમતો રમાડવામાં આવી હતી તથા યુવાનો તથા મોટાઓ માટે પણ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંતા કલોઝને પણ બોલાવવામાં આવ્યા હતા જેમના સાથે બાળકોએ ડાન્સ કરી ગિફટ પણ મેળવી હતી.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**દબંગ-૩**
૯.૦૦, ૯.૫૫, ૧૧.૫૦, ૧૨.૨૫, ૧.૨૦, ૩.૦૫, ૩.૫૦, ૪.૪૫, ૬.૩૦, ૭.૧૫, ૮.૧૦, ૯.૫૫, ૧૦.૪૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૨.૪૦, ૮.૦૫, ૯.૦૫
**મર્દાની-૨**
૯.૨૫, ૫,૨૦, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૪૦, ૭.૩૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**દબંગ-૩**
૯.૦૦, ૧૦.૨૫, ૧૧.૨૫, ૧૨.૨૫, ૧.૫૦, ૨.૫૦, ૩.૫૦, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૪૦, ૯.૪૦, ૧૦.૪૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૧.૪૦, ૭.૧૫, ૯.૫૦
**પતિ પત્નિ ઔર વો**
૧૨.૨૫, ૧૦.૩૦
**મર્દાની - ૨**
૯.૨૦, ૩.૦૫, ૮.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**દબંગ-૩**
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦
**મર્દાની**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫
**પતિ, પત્નિ ઔર વો**
૨.૪૫, ૭.૩૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ગુડ ન્યુઝ**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**દબંગ-૩**
૯.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી)
૧૨.૦૦, ૬.૦૦
**મર્દાની-૨**
૧.૦૦
**પતિ પત્નિ ઔર વો**
૩.૦૦

## સેકટર-૨ પેન્શનર્સ સમાજની શુક્રવારે મીટીંગ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨માં નિવાસ કરતા પેન્શનર મિત્રોની બેઠક તા. ૨૭મી ડીસેમ્બરના રોજ પ્લોટ નં. ૧૪૩૫/ડી-૧ સેકટર-૨-બી નવા શોપીંગ સેન્ટર પાસે યોજાશે. આ બેઠકમાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે તે અંગે જાણકારી તથા ચર્ચા કરવામાં આવશે તેમ કાર્યવાહક સમિતિના સભ્ય નિરંજનભાઈ ઓઝાએ જણાવ્યું છે.

## જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા શતક ભોગ અન્નકૂટ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા મા જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકૂટ તા. ૧૦ જાન્યુઆરીના રોજ યોજાશે. જે અંતર્ગત સે-૩-બીના શકિતચોકમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત જગદંબા પૂજન પ્રારંભ સવારે ૮ વાગ્યે અન્નકૂટ અર્પણ વિધિ સવારે ૯ વાગ્યે, ભકિતવંદના સવારે ૯.૧૫ કલાકે, સવારે ૧૦ વાગ્યે થાળ-ગાન મહાઆરતી ૧૦.૩૦ વાગ્યે, ભોજનપ્રસાદ ૧૦.૪૫ કલાકે, ભકિતવંદના સમૂહ સ્વાધ્યાય ૨ વાગ્યે અને ૪ વાગ્યે આભારદર્શન યોજાશે તેમ સંસ્થાના પ્રમુખ લલિત એસ. પટેલ અને મંત્રી વિષ્ણુભાઈ જે. પટેલ દ્વારા જણાવાયું છે.